**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૬૪ ટકા

# સિવિલના રેડીયોલોજી વિભાગમાં દર્દીઓનો હોબાળો

ગાંધીનગર, તા.૩


રાજયના છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સુવિધાઓ પહોંચે તે માટે આરોગ્ય તંત્ર સતત ચિંતિત છે. આરોગ્ય વિભાગના અધિકારીઓ રાત દિવસ કામ કરીને આરોગ્યની વિવિધ યોજનાઓ નાગરીકો સુધી પુરી પાડે છે. દર્દીઓને વિના મુલ્યે સરકારી હોસ્પિટલમાં તમામ સુવિધા સભર આરોગ્યલક્ષી સારવાર મળે છે, તે કહેવામાં આવે છે. ત્યારે રાજયના પાટનગરની હોસ્પિટલમાં જ દિવા તળે અંધારા જેવી પરિસ્થિતિ છે. સિવિલ હોસ્પિટલના રેડીયોલોજી વિભાગમાં જ ડોકટર ન હોવાથી આજે સવારે વિભાગમાં દર્દીઓના સગાઓએ હોબાળો મચાવ્યો હતો. ડોકટર મુદ્દે દર્દી અને સગાઓ સિવિલ સુપ્રિટેન્ડન્ટને મળવા ગયા હતા. જયારે રેડીયોલોજી વિભાગમાં પાંચ ડોકટરની જરુરીયાત સામે માત્ર બે જુનિયર રેસીડન્ટ ડોકટરથી રેડીયોલોજી વિભાગ ચાલી રહ્યો છે. ત્યારે રાત્રીના સમયે આવેલા દર્દીનો સીટી સ્કેન કોણ જોવે તે મુસીબત ઉભી થવા પામી છે.

ગાંધીનગર સિવિલમાં આજે એકસ-રે, સીટીસ્કેન અને સોનાગ્રાફી સહિતની કામગીરી ખોરવાઈ ગઈ હતી. દર્દીઓના મહત્વના નિદાન ન થવાથી દર્દીઓને કલાકો સુધી લાંબી લાઈનમાં બેસી રહેવું પડ્યું હતું. જેથી દર્દીઓ તેમજ સગાઓએ હોબાળો મચાવીને રોષ પ્રગટ કર્યો હતો. સિવિલના રેડીયોલોજી વિભાગમાં એકસ-રે, સોનોગ્રાફી, અને સીટીસ્કેન સેવા ઉપલબ્ધ છે. સિવિલમાં રોજના ૪૦૦ થી વધુ એકસ-રે દર્દીઓના થાય છે, તો બીજી તરફ ૧૨૦ જેટલી સોનોગ્રાફી કરવામાં આવે છે. જયારે બીજીતરફ પ્રતિદિન ૧૫ દર્દીઓના સીટીસ્કેન થાય છે. રેડીયોલોજી વિભાગમાં ૫ ડોકટરોની જરૂરીયાત છે. ત્યારે માત્ર વિભાગમાં ૨ જુનિયર રેસીડન્ટ ડોકટરથી ચાલે છે. ડોકટરના અભાવે દર્દીઓની લાંબી કતારો સર્જાય છે. જયારે સમયસર નિદાનનું રીપોટીંગ થતુ ન હોવાથી દર્દીઓ તેમજ તેમના સગાઓ રોષે ભરાયા હતા અને રેડીયોલોજી વિભાગમાં હોબાળો મચાવ્યો હતો. દર્દીઓના સગા ઓ તો સિવિલ સુપ્રિટેન્ડન્ટને પણ રજુઆત કરવા માટે પહોંચ્યા હતા.

## સે-૬ પોસ્ટઓફિસમાં ઈન્ટરનેટ સેવા ઠપ્પ થવાથી ગ્રાહકોને હાલાકી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેકટર-૬ ખાતેની પોસ્ટ ઓફિસમાં છેલ્લાં કેટલાક દિવસથી બીએસએનએલની ઈન્ટરનેટ સેવા ખોટકાવાથી કામકાજ ઠપ્પ થઈ જવા પામ્યું છે. જેને લીધે ગ્રાહકોને જેમાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યા વધુ છે તેમને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઈન્ટરનેટ સેવા બંધ હોવાને કારણે પોતાના પેન્શન કે બચત ખાતામાંથી નાણાં ઉપાડવાના હોય કે પાસબુકમાં એન્ટ્રી પડાવવાની હોય દરેક કામમાં તકલીફ પડી રહી છે જેના પગલે ગ્રાહકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.




સેકટર-૬ની પોસ્ટ ઓફિસમાં ઈન્ટરનેટ સેવા ખોટકાવાને કારણે ડિસેમ્બર માસના પ્રારંભે જ ગ્રાહકોને હાલાકી ઉભી થવા પામી છે અને પોતાના ખાતામાંથી અન્ય શાખામાથી વધુમાં વધુ રૂ. ૨૫ હજારનો જ ઉપાડી મળી શકતો હોવાથી જે ગ્રાહકોને નાણાંકીય વ્યવહારો માટે વધુ નાણાંની જરૂરિયાત હોય તેમની હાલત કફોડી બનવા પામી છે. આ સમસ્યા અંગે પોસ્ટ ઓફિસના અધિકારીઓને રજૂઆત કરવામાં આવે તો 'અમે તો ઉપર અરજી લખીને મોકલી છે' તેવા રૂટિન જવાબો પ્રાપ્ત થઈ રહ્યા છે. ઈન્ટરનેટ સેવા બંધ થઈ જવાથી કર્મચારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને સવારે ૯ વાગ્યાથી ગ્રાહકોની કતારો લાગી જાય છે પરંતુ આ સ્થિતિ તો પોસ્ટ ઓફિસ અને બીએસએનએલ વચ્ચેની ગાંઠ ઉકેલાય ત્યારે થાળે પડશે તેવું જણાઈ રહ્યું છે.



વાવોલમાં આમ તો વારંવાર વિજળી ડૂલ થવાની સમસ્યા તો ઉકેલાતી નથી પરંતુ સ્ટ્રીટલાઈટોની હાલત પણ દિનપ્રતિદિન લથડતી જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વાવોલની કિર્તીધામ સોસાયટી આગળના સ્ટ્રીટલાઈટના થાંભલે ઘણા સમયથી 'લટકી' પડેલ એલઈડી લાઈટ આ બાબતની ચાડી ખાય છે જેના પર તંત્રનું ધ્યાન જતું જ નથી.

## ચિલોડા ચાર રસ્તા પાસે જાહેર શૌચાલય બનાવવા લોકમાંગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ચાર રસ્તા પર રોજ માનવ મહેરામણ જોવા મળે છે. રોજના હજ્જારો મુસાફરો ચિલોડાથી અપડાઉન કરે છે. સાબરકાંઠા-અરવલ્લી તેમજ રાજસ્થાન તરફ જવા માટે મુખ્ય મથક છે. ત્યારે જાહેર જનતાથી ધમધમતા આ ચિલોડામાં જાહેર શૌચાલય નથી. જેને પગલે સ્થાનિક વેપારીઓથી લઈ મુસાફરોને ભારે અગવડતાનો સામનો કરવો પડે છે. ત્યારે એક જાગૃત નાગરીકે ચિલોડા તેમજ શિહોલી ગ્રામ પંચાયતનો પત્ર લખી તાત્કાલીક ધોરણે માનવતા અભિગમ દાખવી સુવિધા ઉભી કરવામાં આવે તેવી માંગ કરી છે.

નેશનલ હાઈ-વે પર આવેલ ચિલોડા સર્કલ નાગરીકોથી રાત-દિવસ ઉભરાય છે. ચિલોડા થી અરવલ્લી-સાબરકાંઠાના મુખ્ય શહેરો સુધીનો વાહન વ્યવહાર ધમધમે છે. રોજના હજ્જારો મુસાફરો ચિલોડાથી અપડાઉન કરે છે. લાંબી મુસાફરી બાદ ચિલોડા સ્ટેશને મુસાફરો ઉતરે છે. ત્યારે ચિલોડા મથક ખાતે જાહેર શૌચાલયની સુવિધા જ નથી. શૌચાલયની સુવિધા નહી હોવાથી નાના બાળકો તેમજ મહિલાઓની હાલત કફોડી બને છે. જયારે આસપાસના વિસ્તારમાં ગમે ત્યાં શૌચાલયને પગલે ગંદકીના ઢગ જોવા મળે છે. તો બીજી તરફ અસહ્ય દુર્ગંધથી મુસાફરોને પણ ભારે પરેશાની વેઠવી પડે છે. સરકારે પણ ગામડે ગામડે-ઘરે ઘરે શૌચાલય બનાવવા અભિયાન હાથ ધર્યું છે ત્યારે એક જાગૃત નાગરીકે ચિલોડા તેમજ મોટી શિહોલી ગ્રામ પંચાયતને પત્ર લખીને વિશિષ્ટ ગ્રાન્ટમાંથી સત્વરે સુવિધાયુકત શૌચાલય બનાવવા માટે લેખિત રજુઆત કરી છે.

## સે-૨૩માં બીસીએ કોલેજ ખાતે આઈટી ફેરનો શુભારંભ




ગાંધીનગરના સે-૨૩માં બી.પી. કોલેજ ઓફ બીસીએ ખાતે પાંચમા ત્રિદિવસીય આઈટી ફેર તથા 'અકસ' કાર્યક્રમનો આજે શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલય કેમ્પસના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલે રિબિન કાપી આઈટી ફેરને ખુલ્લો મુકયો હતો.

આઈટી ફેર અને 'અકસ'ના શુભારંભ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદે ડૉ. સોમભાઈ પટેલ તથા અન્ય અતિથિ પદે અશ્વિનભાઈ કોમર્સ કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા, બીબીએ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ સહિત કડી કેમ્પસની વિવિધ ભગીની સંસ્થાઓના આચાર્ય ડૉ. ભદ્રેશ પંડયા, અર્પિત ક્રિશ્ચિયન, ગિતેશ પટેલ, વિનોદભાઈ તથા ડૉ. ચેતના બુચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આઈટી ફેરમાં વિવિધ ગુજરાતી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા પણ પ્રોજેકટસ પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આઈટી ફેરના પ્રથમ દિવસે ૧૯ શાળાઓના ૧૫૨૦ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. ઉદઘાટન સમારંભ પ્રસંગે બીસીએ કોલેજના ડાયરેકટર ડૉ. એસ.એમ. શાહે હાજરી આપી હતી અને મહેમાનોને આવકાર્યા હતા. આઈટી ફેરના આયોજન માટે કોલેજના પ્રાધ્યાપકો પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. શ્વેતા વ્યાસ, ડૉ. અભિજીત જાડેજા અને રૂપેશ વ્યાસ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

## યુવા બ્રહ્મ અગ્રણી દિવ્ય ત્રિવેદીએ રાજસ્થાનના મહામહિમ રાજયપાલ સાથે મુલાકાત કરી



ગાંધીનગર, તા.૩

રાજસ્થાન રાજ્યના મહામહિમ રાજયપાલ શ્રી કલરાજ મિશ્રાજી સાથે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના યુવા મંત્રી દિવ્ય ત્રિવેદીએ મુલાકાત કરી હતી . દિવ્યએ મુલાકાત દરમ્યાન રાજ્યપાલશ્રીને બ્રહ્મસમાજ દ્વારા આયોજિત બ્રહ્મ બિઝનેસ સમિટ -૨ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ -૨ નું આમંત્રણ આપ્યું હતું. મહામહિમ રાજયપાલશ્રીએ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના આયોજકો સહીત ગુજરાતના તમામ બ્રાહ્મણોને ઐતિહાસિક કાર્યક્રમ માટે અભિનંદન આપ્યા હતા અને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ખાતરી આપી હતી. તસ્વીરમાં ભારત સહીત એશિયાના દેશોમાં બૌદ્ધ ધર્મના ધર્મ ગુરુ શ્રી ભિખ્ખુ સંઘસેના જી અને ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયના સભ્ય ભારત શર્મા અને ગુજરાત બ્રહ્મસમાજના દિવ્ય ત્રિવેદી દષ્ટિમાન છે.

## 'સક્ષમ' દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે 'વિશ્વ દિવ્યાંગજન દિન' ઉજવાયો

ગાંધીનગર, તા.૨

રવિવારે સવારે સમદષ્ટિ, ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ-'સક્ષમ'ના ગાંધીનગર એકમ દ્વારા 'વિશ્વ દિવ્યાંગજન દિવસ'ની ઉજવણીનું આયોજન સેકટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગજનો માટે કાર્યરત સંસ્થાઓ તથા દિવ્યાંગોનું સંમેલન યોજવામાં આવ્યું હતું તેમજ સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર દિવ્યાંગજનોનું તથા વિશેષ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

'સક્ષમ' આયોજિત કાર્યક્રમમાં જિલ્લા તથા શહેરની મળીને ૩૦ જેટલી વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો હતો તેમજ મોટી સંખ્યામાં દિવ્યાંગજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં મુખ્ય અતિથિ પદે સક્ષમના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ અજિતસિંહ શેખાવત, પ્રદેશ અધ્યક્ષ પ્રફુલભાઈ પટેલ, ઈસનપુરની ગુજરાત રાજય ચેરિટેબલ હોસ્પિટલના મંત્રી રામચંદ્ર પટેલ તથા માણસાના આનંદીમાનો વડલો વાનપ્રસ્થાશ્રમના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં ડૉ. મનુભાઈ પુરોહિત, પ્રવિણભાઈ વઘાસીયા, જયરામ સોની, મનુભાઈ ઝડફિયા, સક્ષમના પ્રાંત અધ્યક્ષ ગંગારામ પટેલ, ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ ભાનુભાઈ ચૌહાણ તથા શ્રીકાંત ત્રિવેદી જેવા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને મહાલક્ષ્મી ગૃપના હીરાભાઈ પટેલે આર્થિક સહયોગ પુરો પાડયો હતો.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ગુરૂવારે માસિક બેઠક

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માહે ડીસેમ્બર ૨૦૧૯ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૫મી ડીસેમ્બરના ગુરુવારના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ચાર વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સે-૨૨ ગાંધીનગર ખાતે યોજાશે.

આ બેઠકમાં તા. ૨૨મી ડીસમ્બરે યોજાનારા અમૃત મહોત્સવ ૨૦૧૯ની માહિતી આપવામાં આવશે આથી પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓને અચૂક હાજર રહેવા મંત્રી રમણલાલ એમ. શ્રીમાળી દ્વારા જણાવાયું છે.

## માણસામાંથી ચોરેલા એકટીવા સાથે એક શખ્સની ધરપકડ

માણસા વિસ્તારમાં એલસીબીના અ.હે.કો. મહિપાલસિંહ, હે.કો. દિલિપસિંહ અને સુરેન્દ્રસિંહ પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન હે.કો. દિલિપસિંહને બાતમી મળી હતી કે પુંધરા ગામના પટેલવાસમાં રહેતા મહેશભાઈ વાસુભાઈ પટેલ પાસે ચોરીનુ એકટીવા છે. જેથી પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા એક શખ્સ મળ્યો હતો. તેણે પોતાનુ નામ મહેશ વાસુભાઈ પટેલ જણાવ્યુ હતુ. ત્યારબાદ પોલીસે એકટીવાની આર.સી. બુક, વિમાને લગતા કાગળો માંગતા કોઈ આધાર પુરાવા મળી આવ્યા ન હતા. પોલીસે યુવકને ઊંડાણપૂર્વક પુછપરછ કરતા યુવકે એકટીવા ચાર વર્ષ અગાઉ અડાલજ પાસે મહારાજા હોટલ પાસેથી ચોરી કર્યુ હોવાનુ જણાવ્યુ હતુ. જ્યારે એકટીવા ચોરી અંગે વસ્ત્રાપુર પોલીસમથકે ગુનો નોંધાયેલ છે. પોલીસે આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

બાલા - ૧૦.૪૫, ૭.૧૫
પાગલપંતી - ૪.૦૫
હોટલ મુંબઈ
૧.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
યે સાલી આશિકી
૧૦.૦૦, ૯.૪૦
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૩.૫૫
ગુજરાત ૧૧ (ગુજરાતી)
૬.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૪૦, ૨.૨૦, ૭.૪૦, ૧૦.૨૦
કમાન્ડો ૩
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

કમાન્ડો-૩
૧૧.૧૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
હોટલ મુંબઈ - ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
યે સાલી આશિકી - ૧૨.૧૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૫.૨૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૧.૦૦
મરજાવા - ૧.૪૫, ૧૦.૩૦
બાલા - ૨.૦૦
પાગલપંતી - ૯.૫૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
હેલ્લારો (ગુજરાતી)
૧૧.૦૫, ૪.૩૫, ૧૦.૨૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

મરજાવા - ૩.૪૦
પાગલપંતી - ૯.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૧.૨૦, ૬.૫૦, ૯.૩૦
બાલા - ૪.૦૦
કમાન્ડો-૩
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫
હોટલ મુંબઈ - ૧૦.૧૦, ૧૨.૫૫, ૬.૩૦, ૯.૧૫
યે સાલી આશિકી
૧૦.૩૫, ૯.૩૦
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૩.૪૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

મરજાવા - ૭.૩૦
બાલા - ૪.૩૦, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૨.૪૫
પાગલપંતી - ૨.૦૦, ૭.૦૦
ચાલ જીવી લઈએ - ૧૨.૦૦
કમાન્ડો-૩ - ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
હોટલ મુંબઈ
૧૨.૧૫, ૫.૧૫, ૯.૪૫
લવ યુ ટર્ન - ૫.૧૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી)
૨.૪૫
ગુજરાત-૧૧ (ગુજરાતી)
૧૦.૦૦
એકસ-રે - ૧૨.૦૦

## ચિરવિદાય

- સ્વ. ભાવસાર જીતેન્દ્રકુમાર લાલભાઈ, ઉ.વ. ૬૯
- સ્વ. હર્ષ દિનેશભાઈ કર્દમ, ઉ.વ. ૧૫
- સ્વ. ધનજીભાઈ કેશાભાઈ વાળંદ, ઉ.વ. ૬૭

# વાવોલ પ્રાથમિક શાળામાં એનએનએસ શિબિરાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજયો







ગાંધીનગર, તા.૩

વાવોલની પ્રાથમિક શાળા ખાતે આજે સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ગ્રામ શિબિરના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના બાળકો સહિત એનએસએસના શિબિરાર્થીઓએ ભાગ લઈ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

આજે વિશ્વ દિવ્યાંગજન દિવસ હતો જેને અનુલક્ષીને વાવોલની સરકારી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ તેમના સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ પાસે એક લઘુનાટિકા કરાવી હતી. જેના દ્વારા દિવ્યાંગો પ્રત્યે સંવેદનાત્મક વર્તન કરવા સાથે તેમને મદદરૂપ બનવું જોઈએ તેવો મહત્વનો સંદેશ પાઠવ્યો હતો. આ સાથે કાર્યક્રમમાં નિશા જાનીની આગેવાની હેઠળ શિબિરાર્થીઓએ ડાન્સ, ગરબા, કોમેડી એકટ જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી અને શાળાના બાળકોને પણ તાલીમ આપી નૃત્ય ગીત, ગરબા, નાટક વગેરેની પ્રસ્તુતિ કરાવી હતી. આ કાર્યક્રમને માણવા એસએમસીના સભ્યો સહિત વાવોલ સરકારી શાળાના આચાર્ય દક્ષાબેન મકવાણા, સમર્પણ કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર એન.એન. પટેલ તથા પ્રાથમિક શાળાના શિક્ષકો, કર્મચારી ગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.